ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● શહેરના ટાઉનહોલ ખાતે બપોરે ૨.૦૦ કલાકે વ્યવસાયિક માર્ગદર્શન સેમિનાર યોજાશે.

● વિજય હનુમાન મંદિર ધમાસણા ખાતે પ્રતિષ્ઠા પર્વ પ્રસંગે બપોરે ૩.૦૦ કલાકે શ્રી હનુમંત કથાનો પ્રારંભ દંડીબાપુની વ્યાસપીઠે થશે.

## ગાયત્રી શકિતપીઠ ખાતે ચૈત્ર નવરાત્રી સમાપન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી ગાયત્રી શકિતપીઠ ગાંધીનગરના સહયોગથી જયોતિ મહિલા મંડળ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ચૈત્રી નવરાત્રી સમાપન કાર્યક્રમનું ભવ્ય આયોજન તા. ૨૩મી એપ્રિલને શનિવારના રોજ બપોરે ૩ કલાકે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ છે.

શહેરના પ્રસિધ્ધ ગાયત્રી મંદર ખાતે ચૈત્રી નવરાત્રી સમાપન પ્રસંગે 'ગાયત્રી ઉપાસના' કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંસ્કાર અને સ્વાસ્થ્યને સાંકળવામાં આવ્યા છે. તેમજ પ્રાર્થના, બેઠા ગરબા, ઘોડાખુંદ અને બોરીજની ૧૨ બાળાઓ સૂર્ય નમસ્કાર પ્રસ્તુત કરશે. ઘોડાખુંદમાં માત્ર નવ જ વૃંદના નામ નોંધવાના છે તેમજ દરેક વૃંદમાં માત્ર ૪ બહેનો ભાગ લઈ શકશે. આ પ્રસંગે ભાગ લેવા ઈચ્છુક બહેનોએ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવાના રહેશે. આ એક સ્પર્ધા નથી સમાન ધોરણે પુરસ્કૃત કરવામાં આવશે. નામ નોંધાવવા માટે લતાબેન ચોકસી ૨૩૨૨૦૧૬૦, જશુબેન ઠકકર ૨૩૨૨૫૧૪૨, ડૉ. ચેતના બુચ ૨૩૨૬૦૩૭૦, મીનળબેન ઓઝા ૨૩૨૪૬૮૦૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આવતી કાલે લોહાણા સમાજની મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના જલારામ સેવા સમાજના ઉપક્રમે તા. ૨૦મી એપ્રિલ બુધવારે ૬.૦૦ કલાકે લોહાણા સમાજના સમસ્ત પરિવારની એક મીટીંગનું આયોજન સે-૨૯ જલારામ મંદિર ખાતે યોજવામાં આવ્યું છે. આ મીટીંગમાં લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક ઉપસ્થિત રહેશે જેમને લોહાણા સમાજ ગાંધીનગર તરફથી સત્કારવામાં આવશે. મીટીંગના અંતે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મીટીંગમાં ઉપસ્થિત રહેવા લોહાણા સમાજના તમામ પરીવારોને જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી તથા મંત્રી સેવંતીલાલ ઠકકર દ્વારા અનુરોધ કરાયોછે.

# ઘ-માર્ગ પર ઉનાળુ વસ્ત્રોનુ બજાર ધમધમ્યુ

## ટી શર્ટ, સમરકોટ, ટ્રેક, કોટનકુર્તા, બર્મુડા, ચડ્ડા, ગાઉન, નાના બાળકોના નાઈટ ડ્રેસ, ફ્રોક વગેરેની ખરીદી માટે લોકોનો ઘસારો : મુખ્ય માર્ગ ઉપર વાહનોની કતારો

ગાંધીનગર, તા.૧૮

આકરા ઉનાળામાં રહેણી-કરણી પણ બદલવી પડે તેવી ગરમી પડે છે અને વસ્ત્રો પરિધાનમાં હલકાફુલકા અને ગરમી શોષી લે તેવા વસ્ત્રો લોકોનીમ પહેલી પસંદ બને છે. આવા જ વસ્ત્રો હાલ શહેરના ઘ-૪ થી ઘ-૫ વચ્ચે વેચાણ થઈ રહ્યા છે. મુખ્ય માર્ગની ફૂટપાથ પાસે રંગબેરંગી વસ્ત્રો લોકોનું આકર્ષણ બન્યા છે. કાળઝાળ ગરમીમાં શરીરને મોકળાશ અનુભવાય તેવા વસ્ત્રો અહી ઉપલબ્ધ બની રહેતા લોકો ખરીદી માટે ઉમટી રહ્યા છે. લોકો પોતાના વાહનો માર્ગ ઉપર જ પાર્ક કરતાં કતારો જોવા મળી રહે છે. જો કે રજાના દિવસે સૌથી વધારે ધસારો જોવા મળે છે.

દિવસ દરમિયાન તો આગ ઓકતો તાપ સમી સાંજે ઢળી જતાં લોકો ઘરની બહાર નીકળી દૈનિક કામગીરી આટોપે છે. ગરમીમાં





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પરિધાન કરવાના વસ્ત્રોની શોધખોળમાં શહેરના ઘ-૪ થી ઘ-૫ વચ્ચે દરેક પ્રકારના વસ્ત્રો ઉપલબ્ધ બન્યા છે જેમાં ટી શર્ટ, સમર કોટ, ટ્રેક, કોટન કુર્તા, બર્મુડા, ચડ્ડા, ગાઉન, નાના બાળકોના ડ્રેસ, ફ્રોક વગેરેનું વેચાણ થઈ રહ્યું છે. પરસેવે રેબઝેબ થતું શરીર હલકા ફૂલકા વસ્ત્રો થકી હળવાશનો આનંદ પ્રાપ્ત કરે છે અને રાત્રી દરમિયાન આવા વસ્ત્રો શરીર માટે વધુ સાનુકુળ બનતા હોય છે.

ઘ-૪ થી ઘ-૫ વચ્ચે ઘણા બધા કાપડના વેપારીઓ ઉનાળામાં ધંધો કરવા દર વર્ષે આવતા હોય છે અને વેચાણ કરવાના વસ્ત્રો લટકાવી લોકોને આકર્ષીત કરતા હોય છે. વ્યાજબી કિંમત અને સારી ગુણવત્તાના માપદંડ સાથે કરાતો વસ્ત્રોનો વેપાર લોકોને વધુ અનુકુળ આવ્યો છે. જેમાં નાના બાળકો માટેની ખરીદી સૌથી વધુ થતી હોવાનું જણાઈ રહ્યું છે. ઈવનીંગ વોક કે મોર્નીંગ વોક માટેના ટ્રેક પણ અહીં ઉપલબ્ધ બન્યા છે. વધુમાં હાફપેન્ટ ટાઈપના ચડ્ડા યુવાન વર્ગની માંગ બની છે જયારે મહિલાઓ ગરમીમાં કોટન કુર્તા ખરીદી રહી છે. ગરમી શોષી લેતા કોટનના વસ્ત્રો ઉનાળામાં સૌથી વધુ વેચાણ થતા હોવાની ગણતરીએ આ વેપારીઓ કોટનના વસ્ત્રોનો મોટા પાયે જથ્થો લાવેલા છે. જો કે રવિવાર તથા રજાના દિવસોએ આ બજારમાં ખરીદીનો માહોલ વધુ જામે છે. જે કારણે માર્ગની બાજુમાં વાહનોની લાંબી કતારો થઈ જતી હોય છે છતાં પણ સિઝનેબલ વેપાર પૂરતા જ આવતા આ ફેરીયાઓ પોતના ધંધા થકી કોઈને અડચણ ન થાય તેની પૂરેપૂરી તકેદારી રાખતા હોય છે. એકંદરે શિયાળાની જેમ ઉનાળુ વસ્ત્રોનું બજાર પણ શહેરમાં હવે ધમધમવા લાગ્યું છે.

## વાતવાતમાં

● ગુજરાત બંધના એલાનના પગલે દિવસભર અફવાબજાર ગરમ રહ્યું હતું. રોજે રોજ અપડાઉન કરતા કે કામકાજ માટે અમદાવાદ જવા માંગતા મુસાફરો જવું કે નાજવુંની સતત વિમાસણમાં જોવા મળ્યા હતા.

● કોર્પોરેશનની ચુંટણીમાં સરકારી જમીનો પર મંજુરી વગરના તંબુઓ તાણી દેનારા ઉમેદવારો પર તંત્રએ લાલ આંખ કરી તંબુઓ ઉખેડી નાંખવાનો મુદ્દો પણ દિવસભર ચર્ચામાં રહ્યો હતો. ચુંટણી કાર્યાલયો માટે નવા તંબુ બાંધવા ઉમેદવારો પ્રચાર છોડી મંજુરી લેવા દોડતા થઈ ગયા હતા.

● ગાંધીનગરમાં બંધની અસર નહિવત જોવા મળી હતી. શહેરનું જનજીવન રાબેતા મુજબ ચાલ્યું હતું.

● શહેરના પથિકાશ્રમથી ગ-૩ તરફના રોડ નં. ૩ પર સિવિલ હોસ્પિટલના પાછળના ગેટ સામેના ભાગે વધુ એક બાઈક ચાલક સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ થવા નહોતી પામી.

## પંચદેવ મંદિર પાસે ધોળે દિવસે મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

### પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો દોરો છીનવી ફરાર થઈ ગયા

ગાંધીનગર, તા.૧૮

શહેરના સેકટર-૨૨માં ભર બપોરે મહિલાના ગળામાંથી ચેન સ્નેચીંગની ઘટના બનતા ચકચાર મચી જવા પામી હતી. મહિલા બપોરે પંચદેવ મંદિર સામે બસમાંથી ઉતરીને સે-૨૨માં ઘરે ચાલતા જઈ રહી હતી ત્યારે પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો પૈકી એકે મહિલાના ગળામાંથી સોનાનો દોરો ખેંચી બાઈક લઈ પલાયન થઈ ગયા હતા. આ મામલે પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨૨ ચ ટાઈપના બ્લોક નં. ૧૦૯/૩ ખાતે રહેતા મણીબેન હમજીભાઈ પલાસ સોમવારે બપોરે પાલડીથી બસમાં બેસી પંચદેવ મંદિર સામેના બસ સ્ટેન્ડ પર ઉતર્યા હતા. બસમાંથી ઉતરીને મણીબેન પંચેદવ મંદિર પાસેથી શોપિંગ તરફ ચાલતા જતા હતા જયાં સામેથી ચાલતા આવતા એક શખ્સે અચાનક તરાપ મારી ગળામાંથી રૂ.૩૦ હજારની કિંમતનો દોઢ તોલાનો સોનાનો દોરો ખેંચી પલ્સર લઈ આગળ ઉભેલા શખ્સના બાઈક પર બેસી બંને શખ્સો પલાયન થઈ ગયા હતા. આ મામલે સે-૨૧ પોલીસે મહિલાની ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ પીએસઆઈ બી.જી. યાદવ ચલાવી રહ્યા છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને તા. ૨૧ એપ્રિલ ગુરુવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે સેકટર-૧ ગાયત્રી મંદિર પાસે આવેલા શિવાલયના પરિસરમાં મળશે. જેમાં શહેરને લગતા વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં સંસ્થાના પદાધિકારીઓ, કારોબારી સમિતિના સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## 'દ્વારકેશ પ્રિમિયર લીગ' ક્રિકેટ સ્પર્ધા થકી સ્વચ્છતાનો સંદેશ

### વાવોલની દ્વારકેશ રેસીડેન્સી ખાતે સોસાયટીના બાળકોની ડીપીએલ ટૂર્નામેન્ટ યોજાઈ : સ્વચ્છતા અને સ્વયં શિસ્ત આધારિત આ સ્પર્ધા હવે મોટેરાઓ માટે પણ યોજાશે : સ્પર્ધાનું તમામ સંચાલન બાળકોએ કર્યું

ગાંધીનગર, તા.૧૮

આઈપીએલના પ્રતાપે ચોતરફ ક્રિકેટનો માહોલ વ્યાપ્યો છે. અબાલ-વૃધ્ધ સૌ કોઈ ક્રિકેટના રંગે રંગાઈ ચૂકયા છે અને ચોરે ચૌટે બસ ક્રિકેટની જ ચર્ચા છે. આ માહોલમાં ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે 'ક' રોડ પર આવેલ દ્વારકેશ રેસીડેન્સી સોસાયટીમાં પણ અનોખી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. સ્વચ્છતા અને સ્વયંશિસ્તની થીમ પર આયોજિત આ સ્પર્ધાનું નામ 'દ્વારકેશ પ્રિમીયર લીગ' રખાયું છે જે ટૂંકમાં ડીપીએલના નામથી ઓળખવામાં આવે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

દ્વારકેશ પ્રિમિયર લીગમાં સોસાયટીના ૧૫ વર્ષ સુધીના બાળકોની જ ટીમ બનાવાઈ હતી. આ ટીમોના સ્ટાર ફાયર્સ, ડાયમન્ડ ઈલેવન, લાયન્સ રોયલ અને ફાઈવ રૉયલ્સ જેવા નામ અપાયા હતા. આ સ્પર્ધા સોસાયટીના મધ્યમાં સોફટ બૉલથી રમાડવામાં આવી હતી અને તે માટેના નિયમો ૧૫ વર્ષથી ઉપરના બાળકોના 'ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ' દ્વારા નિયત કરાયા હતા. વળી, સ્પર્ધાની તમામ કામગીરી જેમ કે ટીમો નક્કી કરવી, અમ્પાયરીંગ કરવું, ખેલાડીઓને નિયમો સમજાવવા સહિતનું આયોજન આ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા કરાયું હતું. આ સ્પર્ધા રાત્રે ૯ થી ૧૧ વાગ્યા દરમિયાન રમાડવામાં આવતી હતી. હાલ વેકેશનનો સમય હોઈ બાળકો તથા સોસાયટીના રહીશોએ સ્પર્ધાનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. ક્રિકેટ સાથે બાળકોને સ્વચ્છતા તેમજ સ્વયંશિસ્ત શિખવાડવા તેની થીમ આધારિત એક બેનર તૈયાર કરી સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વારે લગાડાયું હતું જેના પર લખવામાં આવ્યું હતું કે 'સ્વચ્છતા એવમ્ સ્વયં શિસ્ત કી થીમ પે ક્રિકેટ કા અનોખા ઉત્સવ'.

દ્વારકેશ પ્રિમિયર લીગમાં હાલ બાળકોની સ્પર્ધા પુરી થઈ ગઈ છે અને હવે આગામી શનિવારથી સોસાયટીના મોટેરાઓ માટે સ્પર્ધા પ્રારંભ થશે. બાળકોની ટુર્નામેન્ટમાં સ્ટાર ફાયર્સ ટીમ વિજેતા બની છે જેને મોટેરાઓની સ્પર્ધા પૂર્ણ થતા સમાપન કાર્યક્રમ દરમિયાન ટ્રોફી આપી સન્માનવામાં આવશે. આ ટુર્નામેન્ટની ખૂબી એ છે કે અહીં ફાઈનલમાં હારેલી ટીમના કેપ્ટનના હસ્તે વિજેતા ટીમને ટ્રોફી આપવામાં આવશે. દ્વારકેશ ક્રિકેટ કંટ્રોલ બોર્ડના રાજદીપ ચાવડા, જય પટેલ, યશ પટેલ, ગિરીશ પ્રસાદ, ધ્રુવ ધજી અને લવ પ્રજાપતિ ટૂર્નામેન્ટને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ટૂર્નામેન્ટ દરમિયાન સોસાયટીમાં ઠેર ઠેર સ્વચ્છતા અને બેટી બચાવો વિષયે વિવિધ પોસ્ટર્સ બેનર્સ લગાડી જાગૃતિ લાવવા પ્રયત્ન કરાઈ રહ્યો છે.

## સે-૨૮ બગીચા પાસે ચોરીના પંખા સાથે શંકાસ્પદ ઈસમની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

શહેરના સેકટર-૨૮ સ્થિત બગીચાના પાછળના ભાગે સરકારી મકાનોની સામેથી શંકાસ્પદ ઈસમની તપાસ કરતા સંખ્યાબંધ પંખા અને પાંખીયા સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જો કે પુછપરછ કરતા વસ્તુના આધાર પુરાવા ન મળતા પોલીસે મુદ્દામાલ કબજે લઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પોલીસની ટીમ આજે બપોરના સમયે સેકટર-૨૮ બગીચા આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બગીચાના પાછળના ભાગે સરકારી મકાનના ખૂણા પાસે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં મોટા કોથળામાં કંઈક લઈને ઉભો હતો તેને અટકાવી તેની પુછપરછ કરી હતી. જેમાં ઈસમ રાકેશ રામાભાઈ અમીન ૨૦૧/એ રાઘવ રેસીડેન્સી, નરોડા-દહેગામ રોડ, નરોડા ખાતે રહેતો હતો. પોલીસે ઈસમ પાસે રહેલા થેલાની તપાસ કરતા ૪ નંગ પંખા, ૧૨ નંગ પંખાના પાંખીયા, પક્કડ, ડીસમીસ મળી આવ્યા હતા. મુદ્દામાલ ચોરી કરી લાવ્યો હોવાનું જણાતા પોલીસે રૂ. ૩૪૦૦ની કિંમત ગણી ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુઘડ કેનાલમાં આપઘાત કરનાર યુવાન સરસપુરનો હતો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક સુઘડ ગામમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ૨૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસે ગુનો નોંધી તેના વાલી વારસની શોધખોળ હાથ ધરી હતી. જેમાં આજે આ યુવાન અમદાવાદનો જીજ્ઞેશ પરમાર હોવાનું ખુલ્યું હતું. અશાંતિ અને આર્થિક સંકડામણને લીધે આત્મહત્યા કરી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

ગાંધીનગર પાસેના સુઘડ ગામમાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે જયાં છેલ્લા કેટલાક સમયથી કેનાલમાં કુદી આત્મહત્યાની ઘટનામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે ત્યારે બે દિવસ અગાઉ આજ કેનાલમાં ૨૫ વર્ષીય અજાણ્યા યુવાને મોતની છલાંગ લગાવી હતી અને મોતને વ્હાલુ કર્યુંહતું. આ આત્મહત્યાની જાણ અડાલજ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે આવી મૃતદેહને બહાર કઢાવી તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી. જેમાં શોધખોળના અંતે મૃતક યુવાન અમદાવાદના સરસપુરનો જીજ્ઞેશ તુલસીભાઈ પરમાર હોવાનું અને રેવડી બજારમાં કપડાની દુકાનમાં કામ કરતો હોવાનું બહાર આવ્યું હતું દોઢ વર્ષ અગાઉ પ્રેમ લગ્ન કર્યા હતા પરંતુ આર્થિક સંકડામણ અને પતિ પત્ની વચ્ચે મન મેળાપ ન હતો અને યુવક આ સમસ્યાને લઈ ગત ૧૨મી એપ્રિલે ઘરથી રાત્રિના સમયે બહાર નીકળી ગયો હતો અને બાદમાં કેનાલમાં કુદી આત્મહત્યા કરી હતી.

# ગાંધીનગરની બસોના પાટીયા બેહાલ

## પૂંઠાના બોર્ડ કે ચોકથી સ્ટેન્ડનું લખાણ લખેલી બસો પાટનગરની આબરૂના ધજાગરા કરે છે મુસાફરોને ફરજીયાત કંડકટરને પુછવું પડે તેવી સ્થિતિમાં કંડકટરોનું વર્તન પણ તોછડું

ગાંધીનગર, તા.૧૮

ગતિશીલ ગુજરાતના પાટનગરમાં દોડતી બે શહેરો વચ્ચેની બસો ગુજરાતને ગરીબ દર્શાવી રહી છે. ગાંધીનગર-અમદાવાદની બસોના પાટીયાની જાણે કે અછત ઉભી થઈ હોય અથવા નિગમ પાટીયા બનાવડાવવામાં અસમર્થ બન્યું હોય તેમ બસોના પાટીયા પૂંઠાના હોય છે તેમજ કેટલીક બસોમાં તો ચોકથી સ્ટેન્ડનું નામ લખી ચલાવી લેતા હોય તેવા દ્દશ્યો ઉભા થયા છે. વધુમાં મુસાફરોને કંઈ બસ છે? તે જાણવા કડંકટરોને ફરજીયાત પુછવાની નોબત આવે છે જેમાં કડંકટરો પણ મુસાફરોને તોછડાઈ ભર્યો જવાબ આપી રહ્યા છે. પાટીયાં વગરની કે પૂંઠા અને ચોકથી લખેલા લખાણવાળી બસો પાટનગરની આબરૂના સરેઆમ ધજાગરા કરી રહી છે છતાં પણ ઉચ્ચ અધિકારીઓ કે તંત્ર આ બાબતે ગંભીરતા દાખવી રહ્યું નથી.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વિકાસ રૂટ તરીકે દોડતી બસો ગરીબી છતી કરી રહી છે. નવી નકકોર બસો પાટીયા વિહોણી બની છે. કેટલીક બસોના પાટીયા પૂંઠાના હોય છે તો કેટલીક બસો ઉપર ચોકથી સ્ટેન્ડનું લખાણ લખી ચલાવી લેવાય છે. ગાંધીનગરથી અમદાવાદ જતી બસોના જુદા જુદા રૂટ હોય છે જેમાં લાલ દરવાજા, પાલડી, કાલુપુર, સિવિલ, કૃષ્ણનગર, જશોદાનગર તથા સરખેજ જેવા રૂટોનો સમાવેશ થાય છે. આ રૂટ ઉપર દિવસ દરમયાન જુદા જુદા સમયે બસો ઉપડતી હોય





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

છે અને તે ઘ-૬, પથિકા, ઘ-૨, ઘ-૪, ઘ-દોઢ, ચ-૬, ચ-૫, અક્ષરધામ વગેરે સ્ટેન્ડ કરતી જતી હોય છે પરંતુ પાટીયા વ્યવસ્થિત કે અવાચ્ય હોવાથી મુસાફરો ભારે મુંઝવણમાં મુકાઈ જતા હોય છે અને ઘણી વખત બસ નીકળી જવાના બનાવો પણ બનતા હોય છે. વધુમાં પાટીયા વગરની બસોના કંડકટરને બસ વિશે પુછતાં સામે પ્રશ્ન કરી તમારે કયાં જવું છે? તેવું જણાવી બસ જતી નથી તેવો ઉડાઉ જવાબ પણ આપે છે જેથી મુસાફરોની હાલત કફોડી બની જાય છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે અનેક નવી નક્કોર બસો મુકી મુસાફરોની સુવિધા વધે તેવા પ્રયાસો થયા છે પરંતુ બસોમાં પાટીયાની અછત સર્જાઈ હોય તેવી સ્થિતિના નિર્માણ વચ્ચે ગુજરાત એસ.ટી. નિગમ આર્થિક રીતે સક્ષમતા ધરાવતું ન હોવાનો ચિતાર એસ.ટી. બસોની હાલત ઉપરથી લોકોને લાગી રહ્યું છે. વિકાસની મસમોટી જાહેરાત વચ્ચે બસો ગરીબ થઈ ગઈ હોય તેવી સ્થિતિ માટે જવાબદાર તંત્ર ગુજરાતની આબરૂને ધક્કો પહોંચાડી રહ્યું છે. જો કે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના વધેલા બસ વ્યવહારથી મુસાફરોને મોટી રાહત થઈ છે તે ચોકકસ બાબત છે. પરંતુ બસોમાં ઉભી કરવાની સુવિધાઓ બાબતે જવાબદારો નિષ્કાળજી રાખી રહ્યા હોવાનું સ્પષ્ટ વર્તાયું છે. દેશભરમાં આર્થિક સધ્ધર રાજય તરીકે ગુજરાત ગર્વ લઈ રહ્યું છે ત્યારે માર્ગો ઉપર જ રાજયની બસોના પાટીયાં ગરીબી દેખાડીને સન્માનને ઠેસ પહોંચાડી રહ્યા છે જેથી સત્વરે તંત્ર આ અંગે જવાબદાર અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરી વ્યવસ્થિત બોર્ડ લગાવે તેવી માંગ ઉઠી છે.

## સહયોગ મંડળ દ્વારા સિવિલના જરૂરીયાતમંદ દર્દીઓને સહાય

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીને જરુરી દવા, આંખના દર્દીઓને ચશ્મા સહિત જરૂરી આર્થિક સહાય વર્ષોથી શહેરના સહયોગ મંડળ દ્વારા આપવામાં આવે છે. સહયોગ મંડળની સેવાથી કોઈ નગરજન અજાણ નથી. નિયમિત સેવાથી સિવિલના દર્દીઓને પણ સહયોગ મળી રહે છે.

શહેરની સ્વૈચ્છિક સંસ્થા સહયોગ મંડળ દ્વારા ગત માર્ચ માસમાં સિવિલ હોસ્પિટલમાંથી આવેલા ૩૫ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓને જરુરી દવાઓમાં સહાયરૂપ બન્યા હતા જયારે ૨૬ જેટલા શ્વાસની તકલીફથી પીડાતા જરુરીયાતવાળા ગરીબ દર્દીઓને શ્વાસ માટેના પમ્પ/દવાઓ આપવામાં આવી છે તો બીજી તરફ આંખના ઓપરેશનવાળા દર્દીઓને ચશ્મા પુરા પાડવામાં આવ્યા હતા. જયારે બીજી તરફ મંડળ દ્વારા દર માસની પહેલી તારીખે વિધવા/ત્યકતા તેમજ નિરાધારો કે જેમને આવકનો સ્ત્રોત ન હોય તેવા ૨૭ પરિવારોને રસોઈમાં ઉપયોગી થાય તેવી ચીજવસ્તુની કીટ આપવામાં આવે છે. જેમાં દાળ, ચોખા, ખાંડ, તેલ, ચ્હા, મરચુ, મીઠું, સાબુ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ સેવાના ભગીરથ કાર્યમાં સંસ્થાના આર.કે. સુથાર, આર.જી. ત્રિવેદી, બી.પી. પ્રજાપતિ, ડી.એમ. પરમાર, ડી.જી. રાજપુત, કે.બી.વાઘેલા સહિતના સભ્યો જોડાય છે. સંસ્થાના સભ્ય સુકેતુ મહેતા દ્વારા સિવિલમાં આવતા દર્દીઓને બ્લડની જરુરીયાત ઉભી થાય તો તેમને બ્લડની વ્યવસ્થાનું સતકાર્ય કરવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. હિનાબેન દિપકકુમાર દવે, ઉ.વ. ૪૦
- સ્વ. મહાસુખલાલ કસ્તુરચંદ શેઠ, ઉ.વ. ૬૭